# ઊંઝાના ભરચક વિસ્તારમાં સોનાનો દોરો ખેંચાયો

ઊંઝા, તા. ૨૮

આજે સવારે ઊંઝા ખાતે શ્રી ઉમિયા માતાજીના મંદિર નજીક બાઈક પર આવેલ બે અજાણ્યા શખ્સો એક મહિલાના ગળામાંથી સવા બે તોલા વજનના સોનાના દોરાની આબાદ લૂંટ ચલાવીને ક્યાંક નાસી છૂટ્યા હોવાનો ચોંકાવનારો બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી હતી.

વિગત એવી છે કે ઊંઝા તાલુકાના જગન્નાથપુરા ગામે રહેતા મધુબેન ભીખાભાઈ પટેલ પોતાના મામાની દિકરીના લગ્નપ્રસંગે સવારના સમયે ઉમિયા માતાજીના મંદિરમાં જઈ રહ્યા હતા ત્યારે મંદિર પાસે જ બાઈક પર આવેલ બે અજાણ્યા શખ્સો મહિલાના ગળામાં પહેરેલ સવા બે તોલા વજનના સોનાના દોરાની લૂંટ ચલાવી બાઈક પર ક્યાંક નાસી છૂટ્યા હતા. લૂંટારૂઓ કાળા કલરના બાઈક પર આવ્યા હતા અને તેઓએ શરીરે પેન્ટ શર્ટ પહેરલ હતા. સવારના અગિયાર વાગ્યાના સુમારે લોકોની અવરજવરવાળા ભરચક વિસ્તારમાં મહિલાના ગળામાંથી સોનાના દોરાની લૂંટનો ચોંકાવનારો બનાવ બનતા લોકોમાં ભયની લાગણી ફેલાઈ હતી.

ઊંઝા વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી સ્થાનિક પોલીસતંત્રની નિષ્ક્રિયતાના કારણે ગુનેગાર તત્વોએ માથુ ઉંચકતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તદ્દન ખાડે ગઈ છે. મિલકત વિરૂદ્ધના ગંભીર પ્રકારના છાશવારે બનતા ગુનાઓને અટકાવવામાં તેમજ તેના ભેદ ઉકેલવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડતા લોકો ભયભીત બન્યા છે.

# વડાપ્રધાનના સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડાડતી ઘટના

## મોડાસા બસસ્ટેન્ડ ગંદકીથી ખદબદતા મુસાફરો સહીત નજીક રહેણાંક સોસાયટીમાં રહેતા લોકો ત્રાહિમામ : ગટરના પાણી ઉભરાતા માથું ફાડી નાખે તેવી દુર્ગંધ

મોડાસા, તા. ૨૮

મચ્છરજન્ય રોગચાળામાં સપડાતા શહેરીજનો અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા





શહેરના પાછળના ભાગે ઉભરાતા ગટર અને વરસાદી પાણી ભરાઈ રહેતા અને ગંદકીથી ખદબદતા મચ્છરોનો ઉપદ્રવ વધવાની સાથે અસહ્ય દુર્ગંધ થી મુસાફરો બસસ્ટેન્ડ નજીકથી પસાર થતા રાહદારીઓ અને પાછળના વિસ્તારમાં આવેલી રહેણાંક સોસાયટીઓ અને દવાખાનામાં સારવાર અર્થે આવતા પ્રજાજનો તોબા પોકારી ઉઠ્યા છે. આ અંગે નગરપાલિકામાં વારંવાર રજુઆત કરતા બસસ્ટેન્ડ તેમની અંદર નથી આવતું તેમ રોકડું પરખાવી દેવામાં આવે છે. બીજીબાજુ ડેપો મેનેજરને રજુઆત કરતા સ્વચ્છતા અભિયાનનો ઉલાળિયો કરી જોઈએ છે તેવો બેજવાદારીભર્યો જવાબ અપાતા લોકોમાં ઉગ્ર રોષ સાથે સ્વચ્છતા અભિયાનની કોઈ અસર એસટી વિભાગને થયી ન હોવાનું જણાવી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એસટીતંત્ર ગાંઠતું ના હોય તો લોકોને પડતી તકલીફોનું તો વિચારવું જ રહ્યું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સ્વચ્છતા અભિયાનની જાહેરાત બાદ પોતે પણ આ અભિયાનમાં સક્રિય હોવાનો ડોળ કરવા માટે નેતાઓથી લઈને સરકારી અધિકારીઓ અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ,સેવાભાવી સંસ્થાઓ અને યુવાઓએ હાથમાં ઝાડુ ઉપાડી દેખાડો કર્યો હતો. જોકે હવે પરપોટો ફૂટી ગયો હોય તેમ સ્વચ્છતાની બાબતે નજરઅંદાજ કરવામાં આવે છે અને સરકારી તંત્ર ની કચેરીઓમાં તો ઠેર ઠેર ગંદકી જોવા મળે છે.

મોડાસા એસ ટી બસ સ્ટેન્ડ સહીત પાછળના ભાગે ઠેર ઠેર ગંદકીના ઢગલા સહીત શૌચાલયની ઉભરાતી ગટરો અને વરસાદી દુષિત પાણીનો ભરાવો થતા તીવ્ર દુર્ગંધના કારણે મુસાફરો અને પાછળના વિસ્તારમાં આવેલી સોસાયટીઓના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. દુષિત પાણીનો ભરાવો રહેતા મચ્છરોનો ઉપદ્રવ વધતા માખી અને મચ્છરજન્ય રોગચાળામાં મુસાફરો અને સોસાયટીના રહીશો ભોગ બની રહ્યા છે. નગરપાલિકા તંત્ર અને એસટી બસ સ્ટેન્ડના જવાબદાર અધિકારીઓને વારંવાર લેખિત અને મૌખિક રજુઆત કરવા છતાં ગંદકી કે ગટર અને વરસાદી ભરાઈ રહેલ દુષિત પાણીનો યોગ્ય નિકાલ ના થતા સોસાયટીના જાગૃત યુવાને સોશ્યલ મીડિયામાં વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને નેતાઓ મતની લાલચે પણ ગંદકી દૂર કરાવે તેવા ઉદ્દેશ થી ૧૦૦૦ મત જે પક્ષના નેતા તેમને પડતી હાલાકી અને સ્વાસ્થ્ય સામે ઉભા થયેલ ખતરારૂપી મોડાસા બસ સ્ટેન્ડની ગંદકી દૂર કરવા મદદરૂપ થાય તેમની તરફેણમાં આપવાની જાહેરાત કરી છે ત્યારે બસ સ્ટેન્ડની ગંદકી દૂર થાય છે કે નહિ તે જોવું રહ્યું.

અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા કલેક્ટર, જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા મોડાસા એસટી બસ સ્ટેન્ડના જવાબદાર અધિકારીને નોટિસ ફટકારી સત્વરે ગંદકી દૂર કરવામાં આવે તેવી આશા મુસાફરો અને સોસાયટીના રહીશો રાખી રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

# મહેસાણા જિલ્લામાં લેટરપેડનો દુર ઉપયોગ થયો છે : શાંતિલાલ પરમાર

સમગ્ર રાજ્યમાં કોંગ્રેસના ઉમેદવારોનું લીસ્ટ મોડી રાત્રીએ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ટીકીટ માંગનારા લોકોને ટીકીટ કોંગ્રેસ પક્ષમાંથી ન મળતા સમગ્ર રાજ્યમાં રાજીનામા ધરવામાં આવ્યા હતા.



ત્યારે મહેસાણામાં ઉલટી ગંગા જોવા મળી હતી. રાજીનામા તો આવ્યા પરંતુ લેટરપેડમાં રાજીનામુ મારૂ નહીં હોવાનું કહેવાવાળા મહેસાણામાં જોવા મળ્યા હતા. મહેસાણાનું રાજકારણ ગરમાયું છે.

મહેસાણા જિલ્લામાં પણ કોંગ્રેસનો કકળાટ ચરમસીમાએ આવી ગયો હતો. દરેક સીટ પર માંગણી કરતા ઉમેદવારોએ પોતાની વાત ન સંતોષાતા ભરતસિંહ ગામે નારા લગાવ્યા હતા. ત્યારે જિલ્લામાં રાજીનામા સોસીયલ મીડિયામાં વાયરલ થયા હતા. જેમાં મહેસાણા તાલુકા પંચાયતના ભોપાજી ઠાકોરને બહુચરાજીની ટીકીટ ન મળતા સમર્થકોએ રાજીનામા આપી દીધા હતા. પરંતુ તે રાજીનામા સોસીયલ મીડિયામાં આવ્યા હતા તેવુ હાલમાં જાણવા મળી રહ્યું છે. પરંતુ મહેસાણાના તાલુકા પંચાયતના શાંતિલાલ પરમારને ખબર જ ન હતી કે તેમનુ રાજીનામુ સોસીયલ મીડિયામાં ફરી રહ્યું છે અને તે સમાજના ઉપયોગમાં આપેલા લેટરપેડનો દૂર ઉપયોગ કોઈ અજાણ્યા વ્યક્તિએ કર્યાનો આક્ષેપ કર્યો હતો અને જણાવ્યું હતું કે સમાજના ઉત્થાન માટે દરેક સમાજને મેં મારો લેટર પેડ આપ્યો હતો તેમાંથી કોઈએ તેનો મિસ ઉપયોગ કર્યો છે અને મેં કોંગ્રેસમાંથી કે તાલુકા પંચાયતમાંથી રાજીનામુ આપ્યુ નથી અને આપીશ પણ નહી. મેં કોંગ્રેસનો હાથ પકડ્યો છે અને સ્થાનિક ધારાસભ્યને વિજેતા બનાવા પ્રયાસ કરીશ. એક તરફ ૧૦થી વધુ રાજીનામા સોસીયલ મીડિયામાં ફરતા થયા છે અને સોસીયલ મીડિયામાં ભોપાજી ઠાકોરને ટીકીટ ન મળતા રાજીનામાં આપવામાં આવ્યા હોવાનું જણાવ્યું છે. ત્યારે આ બાબતે તમામ લોકો જેને રાજીનામા આપ્યા છે તેનો સંપર્ક કરતા તેમણે ફોન પર વાત કરવાની તસ્દી લીધી ન હતી તો બીજી તરફ ૧૦માંથી ૧ વ્યક્તિએ તો એમ કહ્યુ હતુ કે મેં રાજીનામુ આપ્યું નથી તે જોતા આ સમગ્ર મામલે મહેસાણાનું રાજકારણ ગરમાયું છે તેમ કહેવામાં નવાઈ નહી.

# સાબરકાંઠાની ચાર બેઠકો માટે ૪૯ ઉમેદવારીપત્રો માન્ય : ૨૬ અમાન્ય

સાબરકાંઠાની વિધાનસભાની ચાર બેઠકો માટે સોમવારે ભરાયેલા ઉમેદવારી પત્રોની મંગળવારે કરાયેલી ચકાસણી બાદ આ ચારેય બેઠક માટે ૪૯ ઉમેદવારી પત્રો માન્ય ઠર્યા છે જયારે ૨૬ ઉમેદવારી પત્રો અમાન્ય થયા છે.જોકે સાબરકાંઠાની ચારેય બેઠકનું ઉમેદવારોનું આખરી ચિત્ર લગભગ તારીખ ૩૦ નવેમ્બરે સાંજે સ્પષ્ટ થઇ જશે.

આ અંગે ચુંટણી શાખાના સુત્રો માંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠાની હિમતનગર, ઈડર, ખેડબ્રહ્મા અને પ્રાંતિજ બેઠક માટે અગામી તારીખ ૧૪ ડિસેમ્બરે ચુંટણી યોજાનાર છે ત્યારે ફોર્મ ભરવાની પ્રક્રિયા સોમવારે પૂર્ણ થઇ હતી.ત્યારબાદ મંગળવારે ઉમેદવારી પત્રો ની ચકાસણી કરાઈ હતી.જેમાં ૬૯ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા હતા. દરમિયાન મંગળવારે કરાયેલી ચકાસણી બાદ હિમતનગર બેઠક માટે ૨૪ ઉમેદવારી પત્રો માન્ય અને ૦૫ ઉમેદવારી પત્રો અમાન્ય ઠર્યા હતા.તેજ પ્રમાણે ઈડર બેઠક માટે ૨૨ ઉમેદવારોએ ૨૮ ફોર્મ ભર્યા હતા જે પૈકી ૧૬ ઉમેદવારી પત્રો માન્ય અને ૧૨ ઉમેદવારી પત્રો અમાન્ય ઠર્યા હતા.ખેડ્બ્રહમાં બેઠક માટે ૦૯ ઉમેદવારોએ ૧૪ ફોર્મ ભર્યા હતા. જેમાંથી ૧૨ માન્ય અને ૦૨ અમાન્ય થયા હતા.પ્રાંતિજ બેઠક માટે ૧૬ ઉમેદવારોએ ૨૪ ઉમેદવારી પત્રો ભર્યા હતા.જેમાંથી ૧૭ ઉમેદવારી પત્રો માન્ય ઠર્યા હતા જયારે ૦૭ ઉમેદવારી પત્રો ભૂલના કારણે રદ થયા હતા.જોકે અગામી બે દિવસ સુધી ઉમેદવારી પત્રો પરત ખેચવાની મુદત હોવાને કારણે વિધાનસભાની ચારેય બેઠકનું ઉમેદવારોનું આખરી ચિત્ર તારીખ-૩૦ નવેમ્બરના રોજ સ્પષ્ટ થયા બાદ ચુંટણી પ્રચાર જોરશોરથી શરુ થઇ જશે.અને ઉમેદવારો પોતાના મત વિસ્તારોમાં જઈ સભા કે ખાટલા પરિષદ યોજીને મતદારોને રીઝવવા પ્રયાસ કરશે.

# કાંકરેજ તાલુકાની પૂરગ્રસ્ત શાળાઓમાં વિવિધ સંસ્થાઓ દ્વારા પુસ્તકાલય કીટ અર્પણ

કાંકરેજ, તા. ૨૮

તાજેતરમાં આવેલા વિનાશક પૂર બાદ વિવિધ રીતે માનવીય સહાય આપવામાં આવી. પૂરગ્રસ્ત આસપાસની લગભગ બાર જેટલી શાળાઓમાં આ પુસ્તકો આપવામાં આવ્યા હતા.

હજુ પણ સુરત, ડાંગની



શાળાઓના પુસ્તકાલયો સંપૂર્ણ પણે નાશ પામેલા. ત્યારે તાલુકાના શિક્ષક ડૉ. કુલદીપ ઠક્કરે રાજ્યની કેટલીક અગ્રગણ્ય સંસ્થાઓને પુસ્તકાલય કીટ અંગે રજૂઆત કરતાં ભરૂચની એમિટિ ઈન્ટરનેશનલ સ્કૂલ તથા સદ્ભાવના ફોરમ તરફથી પુસ્તકોની વિશાળ કીટો આવી પહોંચી હતી. ખારિયા, રૂની, રાણકપુર તથા સંસ્થાઓમાંથી પુસ્તકો આવનાર છે. બાળકોને મનોસમૃદ્ધ કરતી આ પ્રવૃત્તિમાં ખારિયા પે-કેન્દ્ર શાળાના આચાર્ય પ્રહલાદભાઈ પ્રજાપતિ, કરણભાઈ ગજ્જર વગેરેએ અંગત રસ દાખવી સહકાર આપ્યો હતો. તમામ શાળાના આચાર્યોએ પોતાની શાળાની પુસ્તકાલય પ્રવૃત્તિઓ જીવંત બનાવવાની ખાતરી આપી હતી.

# પાલનપુરમાં પુનઃ બ્રહ્માકુમારી પુનમબેન દ્વારા ‘અલવિદા તનાવ’ શિબિરનું આયોજન

પાલનપુર, તા. ૨૮

આજની ભાગદોડવાળી જિંદગીમાં લોકો પાસે એકએકથી ચડીયાતા સુખના સાધનો હોવા છતાં સુખ નથી. ધનનું બળ, જ્ઞાનનું બળ અને બાહુબળ હોવા છતાં પણ આધ્યાત્મીક બળ ન હોવાના કારણે વ્યક્તિ પોતાની જાતને દુઃખી અને અસુરક્ષિત મહેસુસ કરે છે. જીવનમાંથી ખુશી છીનવાઈ ગઈ છે, આપણે હસવાનું પણ ભુલી ગયા છીએ. જીવન મહત્વાકાંક્ષી થઈ ગયું છે. વ્યક્તિ ઓછા સમયમાં વધુ પ્રાપ્ત કરવાની ઈચ્છા કરતો થઈ ગયો છે. જેના કારણે લોકોનું જીવન ડીપ્રેશન તથા માનસિક તાણનો શિકાર



બનવાથી ડાયાબીટીસ, બ્લુડપ્રેશર, હૃદયરોગ જેવી ગંભીર પ્રકારની બિમારીઓથી સપડાયો છે.

બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર પાલનપુર દ્વારા તા. ૨૧-૧૨-૨૦૧૭ થી ૧-૧-૨૦૧૮ દરમ્યાન દરરોજ સવારે ૫.૪૫ થી ૭.૪૫ વાગ્યા સુધી સંતોકબા પ્લોટ, કૈલાશમંદિરની પાછળ, બેચરપુરા, પાલનપુર ખાતે નિઃશુલ્ક ‘અલવિદા તનાવ’ શિબીરનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો પાલનપુરમના નગરજનોને અચૂક લાભ લેવા બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર પાલનપુરના સંચાલિકા બ્ર.કુ. ભારતીબેને જણાવ્યું છે.

# માલપુર ગામના વાલ્મિકી સમાજે “હક્ક નહિ તો મત નહિ” સાથે ચૂંટણી બહિષ્કારના બેનર લગાવ્યા

રાજકીય પક્ષો માટે મહોલ્લામાં પ્રવેશબંધી ફરમાવી ગુજરાત રાજ્ય સરકારમાં વાલ્મિકી સમાજના લોકોની હાલત દયનિય બનવાની સાથે તેમના વિધાનસભાની ડિસેમ્બરમાં યોજાનારી ચૂંટણીને ઢાલ બનાવી ચૂંટણી બહિષ્કારનું હથિયાર ઉગામાતા રાજકીય પક્ષો અને અપક્ષ ઉમેદવારી




નોંધાવનાર ઉમેદવારોમાં હડકંપ મચ્યો છે. માલપુર વાલ્મિકી સમાજના



અગ્રણીઓના જણાવ્યા અનુસાર વાલ્મિકી સમાજની સફાઈ કામદારો થાકી મોટે ભાગે રોજી રોટી મેળવે છે ત્યારે સરકાર દ્વારા મોટાભાગની નોકરીના સ્થળોએ કોન્ટ્રાકટ પદ્ધતિ દાખલ કરતા કોન્ટ્રાક્ટરો દ્વારા સફાઈ કામદારોનું શોષણ કરવાની સાથે કામના પ્રમાણમાં વેતન પણ સમયસર ચુકવતું નથી. તદુપરાંત વાલ્મિકી સમાજના લોકોને સરકારી કચેરીઓ સહીત નગરપાલિકામાં અને ગ્રામ પંચાયતમાં વર્ષોથી ફરજ બજાવતા હોવા છતાં કાયમી કરવામાં આવતા નથી. આ અંગે સરકારમાં વારંવાર રજુઆત કરવા છતાં અને ગાંધીચિંધ્યા માર્ગે સહીત ઉગ્ર આંદોલન કરવા છતાં ખાલી ઠાલા વચનો આપી તેમની વર્ષો જૂની માંગણીઓ સંતોષાતી નથી. તેમને ગાંધીનગર રજુઆત કરવા જતા પોલીસ બળનો ઉપયોગ કરી અટકાવી દેવામાં આવે છે અને વાલ્મિકી સમાજનું શોષણ સહીત હાલત દયનિય બનતા ન્યાય મેળવવા માટે સમાજની ન્યાયિક માંગણીઓ સ્વીકારવાને બદલે ન્યાયના બદલામાં અવાજ દબાવી દેવામાં આવતો હોવાનો અને સમાજની પડતર માંગણીઓ નહિ સંતોષાતા સમગ્ર ગુજરાતમાં વાલ્મિકી સમાજમાં ભારે નારાજગી પ્રવર્તી રહી છે. અરવલ્લી જિલ્લાના માલપુર ગામે વાલ્મિકી સમાજ દ્વારા ન્યાય મેળવવાની આશાએ “હક્ક નહિ તો મત નહિ” સૂત્રોચ્ચાર કરી ચૂંટણી બહિષ્કાર કરવાની સાથે કોઈ પણ રાજકીય પક્ષ કે અપક્ષના ઉમેદવારોએ કે કાર્યકરોએ મહોલ્લામાં પ્રવેશવું નહીના બેનરો પ્રવેશદ્વાર પાસે લગાવી મત માંગવા આવવું નહિની તાકીદ કરવામાં આવી છે.

માલપુર ગામે વાલ્મિકી સમાજ મોટી સંખ્યામાં વસવાટ કરે છે. ના છૂટકે અમારે ‘હક્ક નહિ તો મત નહિ’ સહીત ચૂંટણી બહિષ્કારની ફરજ પડી છે અને કોઈ પણ રાજકીય પક્ષના ઉમેદવાર કે કાર્યકરોએ અને અપક્ષ ઉમેદવારોએ મત માંગવા મહોલ્લામાં પ્રવેશવું નહીંના બેનરો લગાવી દેવામાં આવ્યા છે.

# પ્રાંતિજ કાપડ મહાજનના હોદ્દેદારોની સર્વાણુમત્તે વરણી

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ કાપડ એસોસિએશનની જનરલ સભા યોજાઈ હતી. જેમાં પ્રમુખ સહિત હોદ્દેદારોની સર્વાનુમત્તે વરણી કરવામાં આવી હતી. પ્રાંતિજ ધી. કથોલ એન્ડ રેડીમેડ એસોસિએશનનો એક દિવસ્ય પ્રવાસ ઈડર, પાવાપુરી, ખેડબ્રહ્મા, ગબ્બર, મોટા અંબાજી કોટેશ્વર મહાદેવ ખાતે યોજાયો હતો. અંબાજી ખાતે કાપડ મહાજન વાર્ષિક મિટીંગ રાખવામાં આવી હતી જેમાં પ્રમુખ સહિત હોદ્દેદારોની સર્વાણુંમત્તે વરણી કરવામાં આવી હતી. જેમાં સતત ત્રીજા વર્ષે પણ પ્રમુખ તરીકે ભરતકુમાર રમણલાલ શાહની સર્વાણુમત્તે વરણી કરવામાં આવી હતી. ઉપપ્રમુખ તરીકે અશોક કુમાર સી. ભાવસાર, મંત્રી તરીકે રાજેન્દ્રકુમાર સી. શાહ, સહમંત્રી તરીકે સંદીપકુમાર સી. શાહ, ખજાનચી તરીકે રમેશચંદ્ર ડી. ભાવસારની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# લક્ષ્મીનારાયણ સોસાયટીના નાકે આવેલી દુકાનમાં ચોરી

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ લક્ષ્મીનારાયણ સોસાયટીના નાકે આવેલી દુકાનમાંથી રવિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ રૂ. ૫૨,૨૮૨ની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગેની ફરીયાદ સોમવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગે સોહીલકુમાર ત્રિભોવનદાસ પટેલે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ રવિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ તેમનુ દુકાનનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી વિવિધ કંપનીના રૂ. ૩૬,૨૮૨ તથા કોમ્પ્યુટર અને વિવિધ એસેસરીઝ મળી રૂ. ૫૨,૨૮૨ની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે સોહીલકુમાર પટેલે સોમવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## હિંમતનગરની વૃષભદેવ સોસાયટીમાંથી કાર ચોરાઈ

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલ વૃષભદેવ સોસાયટીમાંથી પાંચ દિવસ અગાઉ અજાણ્યો શખ્સ રૂ. ૧.૨૮ લાખની કારની ચોરી કરી ભાગી ગયો હતો. જે અંગે કારના માલિકે સોમવારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે વૃષભદેવ સોસાયટીમાં રહેતા શ્રવણકુમાર ગોવિંદજી સાંખલાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૪-૧૧-૨૦૧૭ના રોજ રાત્રીના સમયે ઘર આગળ પાર્ક કરેલ રૂ. ૧.૨૮ લાખથી વધુની કિંમતની કાર નં. જીજે.૧૮.એસી.૩૨૭૫ની અજાણ્યો શખ્સ ચોરી કરીને લઈ ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં કારનો પત્તો ન મળતા શ્રવણકુમાર સાંખલાએ સોમવારે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## હિંમતનગરની શાંતિનગર સોસાયટીમાં ચોરી થતા ફરીયાદ

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ શાંતિનગર સોસાયટીના એક મકાનમાંથી અજાણ્યા શખ્સો સોમવારે ભર બપોરે સોનાના દાગીના મળી રૂ. ૨ લાખની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે મકાન માલિકે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. આ અંગે શાંતિનગર સોસાયટીમાં ૪૮ નંબરના મકાનમાં રહેતા દેવાંગ અરવિંદભાઈ શુક્લએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ સોમવારે ભર બપોરે તેમના બંધ મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી ઘરમાંથી સોનાના સિક્કા, બંગડી, ચુની, વીંટી, બુટ્ટી તથા ચુડી મળી અંદાજે રૂ. ૨ લાખના સોનાના દાગીનાની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે દેવાંગ શુક્લએ તરત જ અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# ખેડબ્રહ્મા શહેરમા છેલ્લા એક વર્ષથી નાસતા ફરતો આરોપી પકડાયો

ખેડબ્રહ્મા, તા. ૨૮

હાલમાં વિધાનસભા ચૂંટણી અન્વયે આદર્શ આચારસંહિતા અમલમાં હોઈ જે અનુસંધાને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અસરકારક પેટ્રોલીંગ ફરવા તેમજ નાસતા ફરતા આરોપીઓ પકડવા સુચના આપેલ હોઈ જે અનુંસંધાને આજરોજ એ.વી. દેસાઈ નાઓ તથા પોલીસ સ્ટાફના માણસો દ્વારા ખાનગી બાતમી આધારે ખેડબ્રહ્મા પો.સ્ટે. ના.ગુના રજીસ્ટર.નં.૫૩/૧૬ના કામે છેલ્લા ૧ વર્ષથી નાસતા ફરતા આરોપી પરેશ કાંતિભાઈ ઠાકોર રહે. પાદરડી. તા. ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠાવાળાને આજરોજ ખેડબ્રહ્મા બસ સ્ટેન્ડ નજીકથી બાતમી હકીકત આધારે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી ખેડબ્રહ્મા પો. સ્ટે. ખાતે અટક કરવામાં આવેલ છે.

આમ, સાબરકાંઠા એસ.ઓ.જી.ને નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવામાં વધુ સફળતા મળી છે.

# ગાંભોઈમાં ટ્રકે બાઈકને ટક્કર મારતા એકનુ મોત

હિંમતનગર-શામળાજી ને.હા. ૮ પર આવેલ ગાંભોઈની વિજ કંપનીની કચેરી આગળથી સોમવારે પસાર થઈ રહેલ બાઈકને અજાણ્યા ટ્રકે ટક્કર મારતા બાઈકચાલકનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યુ હતુ. જે અંગેની ફરીયાદ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

ગાંધીનગરના પૂનમભાઈ વાલજીભાઈ પટણીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ સોમવારે તેમના સાળા વિનોદભાઈ રમણભાઈ પટણી બાઈક નં. જીજે.૨૭.એએસ.૮૨૪૮ લઈને ગાંભોઈ વિજ કંપનીની કચેરી આગળથી સોમવારે પસાર થતા હતા ત્યારે શામળાજી તરફ જતા ને.હા. ૮ પરથી પસાર થતી અજાણી ટ્રકના ચાલકે ટ્રકને ગફલતભરી રીતે હંકારી બાઈકને ટક્કર મારતા વિનોદભાઈ પટણીનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યુ હતુ. તેમજ તેમની પાછળ બેઠેલ ઈસમને ઈજા પહોંચાડી ટ્રકનો ચાલક ટ્રક લઈ ભાગી ગયો હતો.